# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-9ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટીના ચાલુ વર્ષે તા.07/02/2022ના રોજ લેવામાં આવનાર હતી, પરંતુ સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે ઉક્ત પરીક્ષા તા.07/02/2022ના બદલે તા.22/02/2022ના રોજ લેવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કસોટીમાં ધોરણ-9 ના વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં ઉપસ્થિત થાય તે માટે તેઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા માટે આચાર્યશ્રીઓને તથા શિક્ષકોને વિનંતી કરવામાં આવે છે. ઉક્ત વિગતે પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **prakharata.gseb.org** પરથી ફક્ત ઓનલાઈન ભરવાની અંતિમ તા.26/12/2021 હતી. જેની મુદત તારીખ 05/01/2022 સુધી લંબાવવામાં આવે છે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા વિનંતી કરવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ:- ગાંધીનગર
તારીખ:- 24/12/2021

D:\Rakesh Dabhi\TEJAS\bhalaaji\TST\અખબારી યાદી TST 2021.docx